બારડોલીના ૮૨ વર્ષીય વૃદ્ધને વોટ્સએપ પર 'મુંબઈ પોલીસ' બનીને ૨૪ કલાક ડિજિટલ એરેસ્ટ રખાયા

'દાદા' પાસે ૩.૨.૯૬ કરોડ ખંખેર્યા

કેનેરા બેંકમાં ૧૨૨ કરોડના મની લોન્ડરિંગનો ડર બતાવી સાયબર ઠગોએ RTGS મારફતે બેંક એકાઉન્ટ્સ ખાલી કરાવ્યાં

બારડોલીઃ બારડોલીના શ્યામ પાર્ક સોસાયટીમાં રહેતા અને વર્ષો સુધી અમેરિકામાં મોટેલ મેનેજર તરીકે નોકરી કર્યા બાદ નિવૃત્ત જીવન ગુજારવા વતન પરત ફરેલા ૮૨ વર્ષીય વૃદ્ધને સાયબર ગઠિયાઓએ 'ડિજિટલ એરેસ્ટ'નો ડર બતાવીને રૂપિયા ૨.૯૬ કરોડની માતબર રકમ પડાવી લીધી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભોગ બનનાર પરભુભાઈ નાથુભાઈ પટેલે આ અંગે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

છેલ્લાં ૧૯ વર્ષથી ભારતમાં વસવાટ

૮૨ વર્ષીય વૃદ્ધ પરભુભાઈ પટેલ તેમનાં પત્ની દમયંતીબેન સાથે નિવૃત્ત જીવન વિતાવી રહ્યાં છે. તેમને સંતાનમાં બે દીકરા મુકેશભાઈ અને પ્રકાશભાઈ તેમજ એક દીકરી સ્ટ્રોમી છે, જેઓ પોતાના પરિવાર સાથે અમેરિકામાં સ્થાયી થયા છે. પરભુભાઈ વ્યવસાય અર્થે વર્ષ-૧૯૬૬માં લંડન ગયા હતા અને ત્યારબાદ ૧૯૮૧માં અમેરિકા જઈ મિસિસિપીમાં મોટેલ મેનેજર તરીકે નોકરી કરતા હતા. તેઓ નિવૃત્ત જીવન ગાળવા માટે વર્ષ-૨૦૦૭માં પોતાની પત્ની સાથે અમેરિકાથી ભારત પરત આવ્યા હતા. આમ, તેઓ છેલ્લાં ૧૯ વર્ષથી ભારતમાં વસવાટ કરી રહ્યા છે.

ગત ૮ ઓગસ્ટના રોજ પરભુભાઈને વોટ્સએપ પર એક અજાણ્યા નંબરથી મેસેજ અને કોલ આવ્યો હતો. કોલ કરનાર મહિલાએ પોતાની ઓળખ મુંબઈ પોલીસ તરીકે આપી જણાવ્યું હતું કે, તેમના આધાર નંબરનો ઉપયોગ કરી કેનેરા બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું છે, જેમાં ૧૨૨ કરોડ રૂપિયાનું મની લોન્ડરિંગ થયું છે. ગુનેગારોએ એક વ્યક્તિની ધરપકડના ફોટા પણ મોકલ્યા હતા. વધુમાં ગઠિયાઓએ તેમને ડરાવવા માટે સીબીઆઈ, રિઝર્વ બેંક અને બોમ્બે હાઈકોર્ટના નકલી અરેસ્ટ વોરંટ વોટ્સએપ પર મોકલ્યા હતા. તેમજ તેમને ૧૦ વર્ષ સુધી જેલમાં ધકેલી દેવાની અને તેમની પત્નીને પણ ડિજિટલ એરેસ્ટ કરવાની ધમકી આપી હતી.

ડરના માર્યા પરભુભાઈ ગભરાઈ ગયા હતા. ગઠિયાઓએ ૨૪ કલાક તેમના પર નજર હોવાનું કહી ઘરની બહાર ન નીકળવા જણાવ્યું હતું. ગઠિયાઓએ તપાસના બહાને ઈન્સ્પેક્શન અને વેરિફિકેશન માટે ફંડ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું અને રકમ પરત મળવાની ખાતરી આપી હતી. જેલની બીકથી તેમણે ૧૧ ઓગસ્ટથી ૨૧ ઓગસ્ટ વચ્ચે આરટીજીએસ મારફતે ઈન્ડસઈન્ડ બેંક, કેથોલિક સિરિયન બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંકના અલગ-અલગ ખાતાઓમાં કુલ ૨.૯૬ કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા. આ સિલસિલો ત્યાં જ ન અટક્યો. ૩૦ ઓગસ્ટના રોજ ગઠિયાઓએ ફરી કોલ કરીને તેમની પત્નીના એકાઉન્ટ ચેક કરવાના બહાને તેમની ફિક્સ ડિપોઝિટ તોડીને પૈસા ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું.

આથી ૩૧ ઓગસ્ટે પરભુભાઈ જ્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બારડોલી શાખામાં એફડી તોડવા ગયા, ત્યારે બેંક મેનેજરને શંકા ગઈ. મેનેજરે તેમને સમજાવ્યા કે તેમની સાથે સાયબર ફ્રોડ થઈ રહ્યો છે. મેનેજરની સતર્કતાથી તેઓ વધુ છેતરપિંડીનો શિકાર થતા બચ્યા હતા. ત્યારબાદ તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી બારડોલી પોલીસ મથકે અજાણ્યા ભેજાબાજો સામે ગુનો નોંધાવ્યો છે.

આંબોલી તાપી નદીમાં ઝંપલાવનાર યુવાનની લાશ મળી

કામરેજઃ ધોરણપારડી ગામે રહેતો અને એલએલબીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો ૨૧ વર્ષીય આર્યન ગજ્જર બે દિવસ અગાઉ રાત્રે મોટાભાઈને જમવા જવાનું કહી બાઈક લઈને નીકળ્યો હતો. ત્યારબાદ તેણે તાપી નદીના બ્રિજ પરથી આપઘાત કરું છું તેવો મેસેજ કરી નેશનલ હાઈવે નં.૪૮ પર આવેલા આંબોલી તાપી બ્રિજ પરથી નદીમાં ઝંપલાવ્યું હતું. બાઈક અને ચંપલ પુલ પરથી મળી આવ્યા બાદ પરિવાર અને ફાયર વિભાગે શોધખોળ આદરી હતી. મંગળવારે સાંજે પુલના પાયા પાસેથી આર્યનનો મૃતદેહ મળી આવતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આદરી છે.

ચૂંટણી અધિકારી, શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ અને નાયબ કલેકટર, કામરેજ પ્રાંત, જિ.સુરત

બીજો માળ, તાલુકા સેવાસદન કામરેજ, દાદા ભગવાનના મંદિરની સામે, કામરેજ ચાર રસ્તા,જી.સુરત
ફોન નં.૦૨૬૨૧-૨૫૩૪૦૦ Email: 17.prantkamrej@gmail.com
ફેક્સ નં.૦૨૬૨૧-૨૫૩૫૦૦

ક્રમાંક : ચટણ/કામરેજ તા.સ.ખ.વે.સંઘ/૦૩/૨૦૨૬ તા.૦૧/૦૯/૨૦૨૬

નમૂનો-૧
(જુઓ નિયમ-૧૬)
શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા.કામરેજ, જિ.સુરતની
ચૂંટણી અંગેની જાહેરાત

ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૦-૨૧/૦૯/૧૯૯૪ ના નોટિફિકેશન, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સાહેબશ્રી, સુરતના પત્ર નં.સ્થા.સ્વ.ચૂં./કામરેજ તાસખવેસંલી/ચૂંટણી/વશી.૧૯૦૫/૨૦૨૬ તા. ૧૫/૦૭/૨૦૨૬ તથા ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી બાબતનાં નિયમો-૧૯૮૨ ના નિયમ-૧૬થી મળેલી સત્તાની રૂએ, હું યોગરાજસિંહ જી. જાડેજા, ચૂંટણી અધિકારી, શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ અને નાયબ કલેકટર, કામરેજ પ્રાંત, જિ.સુરત, આથી જાહેર કરું છું કે શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા.કામરેજ, જિ.સુરતના નામે ઓળખાતી વ્યવસ્થાપક સમિતિના કુલ-૧૮ (અઢાર) સભ્યોની ચૂંટણી થવાની છે અને આ સાથેની અનુસૂચિનાં અ.નં.-૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ/મંડળો (જેનો આમાં હવે પછી "સંબંધિત મતદાર મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની ચૂંટણીનાં સંબંધમાં-

(એ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના અ.નં.-૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામે અ.નં.-૨માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરેલ છે.
(બી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અ.નં.-૩માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રો સ્વીકરવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામેના અ.નં.-૩ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર તૈયાર કરી શકાય/સ્વીકારી શકાય તે સ્થળ નક્કી કરેલ છે.
(સી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના અ.નં.-૪માં નિર્દિષ્ટ કરેલ તારીખને, સંબંધિત મતદાર મંડળના સબંધમાં, મળેલ ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરેલ છે.
(ડી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં અ.નં.-૫માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના તારીખ અને સમય અને સંબંધિત મતદાર સામે અ.નં.-૫ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના સ્થળ તરીકે નક્કી કરેલ છે.
(ઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના અ.નં.-૬ માં નિર્દિષ્ટ કરેલ તારીખને, માન્ય ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરેલ છે.
(એફ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં અ.નં.-૭ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને, સંબંધિત મતદાર મંડળનાં સબંધમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ નક્કી કરેલ છે.
(જી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં અ.નં.-૮માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળનાં સબંધમાં, હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિધ્ધિની તારીખ તરીકે નક્કી કરેલ છે.
(એચ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં અ.નં.-૯ માં નિર્દિષ્ટ કરેલ તારીખને શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા.કામરેજ, જિ.સુરતના નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની ચૂંટણી કરવાનું જરૂરી હોઇ તો, જે તારીખે તે કરવાની હોય તે તારીખ નક્કી કરેલ છે.
(આઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં અ.નં.-૧૦માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નક્કી કરેલ છે.
(જે) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં અ.નં.-૧૧માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને તેમજ અ.નં.-૧૨ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને, મતગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.
(કે) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં અ.નં.-૧૩માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદાનનાં પરિણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરેલ છે.

અનુસૂચિ

અ.નં. ૧	મતદાર વિભાગ/જૂથના નામ	
મતદાર વિભાગનો (જૂથ) નંબર	મતદાર વિભાગ/જૂથનું નામ	બેઠકની સંખ્યા
	મંડળી પ્રતિનિધિ વિભાગ/જૂથ	
૧ થી ૯	જૂથ નં.૧ થી ૯ (જે પૈકી જૂથ નં.૯-મહિલા પ્રતિનિધિ અનામત)	૯
	વ્યક્તિ પ્રતિનિધિ વિભાગ/જૂથ	
૧	વિહાણ	૧
૨	સેવણી	૧
૩	નનસાડ	૧
૪	વાવ (અ.જ.જા./અ.જા. પ્રતિનિધિ અનામત)	૧
૫	હલધરૂ	૧
૬	ઓરણ	૧
૭	શામપુરા	૧
૮	પાસોદરા (મહિલા પ્રતિનિધિ અનામત)	૧
૯	કામરેજ	૧
	કુલ	૧૮

અ.નં.	વિગત	તારીખ	સમય
૨	ઉમેદવારીપત્રો મેળવવા અને પરત સ્વીકારવાની તારીખ/સમય અને સ્થળઃ- મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત.	તા.૦૨/૦૯/૨૦૨૬ થી તા.૦૭/૦૯/૨૦૨૬	૧૧:૦૦ થી ૧૫:૦૦ કલાક સુધી (જાહેર રજાના દિવસો સિવાય)
૩	ઉમેદવારીપત્રો સ્વીકારવા/ભરવા માટેની છેલ્લી તારીખ/સમય અને સ્થળઃ- મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત.	તા.૦૨/૦૯/૨૦૨૬ થી તા.૦૭/૦૯/૨૦૨૬	૧૧:૦૦ થી ૧૫:૦૦ કલાક સુધી (જાહેર રજાના દિવસો સિવાય)
૪	મળેલા ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર, કામરેજ પ્રાંત, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત. ૩. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા.કામરેજ, જિ.સુરતની કચેરી	તા.૦૭/૦૯/૨૦૨૬	અ.નં.૩ ની કાર્યવાહી પૂર્ણ થયા બાદ
૫	ઉમેદવારીપત્રો ચકાસણી માટેની તારીખ/સમય અને સ્થળઃ- ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર, કામરેજ પ્રાંત, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત.	તા.૦૮/૦૯/૨૦૨૬	૧૧:૦૦ કલાક થી
૬	માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર, કામરેજ પ્રાંત, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત. ૩. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા.કામરેજ, જિ.સુરતની કચેરી	તા.૦૮/૦૯/૨૦૨૬	અ.નં.૫ ની કાર્યવાહી પૂર્ણ થયા બાદ
૭	ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાની તારીખ/સમય અને સ્થળઃ- મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત.	તા.૦૯/૦૯/૨૦૨૬ થી તા.૧૦/૦૯/૨૦૨૬	૧૧:૦૦ થી ૧૫:૦૦ કલાક સુધી (જાહેર રજાના દિવસો સિવાય)
૮	હરીફ ઉમેદાવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર, કામરેજ પ્રાંત, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કામરેજની કચેરી, તાલુકા સેવા સદન, તા.કામરેજ, જિ.સુરત. ૩. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા.કામરેજ, જિ.સુરતની કચેરી	તા.૧૧/૦૯/૨૦૨૬	૧૨:૦૦ કલાકે
૯	મતદાન જરૂરી હોય તો, તેની તારીખ અને સ્થળઃ- મંડળીની રજીસ્ટર્ડ ઓફિસ શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા.કામરેજ, જિ.સુરત	તા.૨૧/૦૯/૨૦૨૬	
૧૦	જે સમય દરમ્યાન મતદાન થશે તે સમયઃ-	સવારે ૦૯:૦૦ થી ૧૭:૦૦ કલાક સુધી	
૧૧	મતગણતરી માટેની તારીખ અને સમયઃ-	તા.૨૩/૦૯/૨૦૨૬	૦૮:૦૦ કલાકથી
૧૨	મતગણતરી માટેનું સ્થળઃ-મંડળીની રજીસ્ટર્ડ ઓફિસ શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., મુ.પો. કામરેજ, તા.પલસાણા, જિ.સુરત		
૧૩	મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખઃ-	અનુ.નં.૧૧ ની કાર્યવાહી પૂર્ણ થયેથી	

સ્થળ : નાયબ કલેકટર કચેરી, કામરેજ, જિ.સુરત.
તાઃ ૦૧/૦૯/૨૦૨૬

(યોગરાજસિંહ જી. જાડેજા)
ચૂંટણી અધિકારી
શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ અને
નાયબ કલેકટર, કામરેજ પ્રાંત, જિ.સુરત

ડિવાઈડર સાથે કાર અથડાતાં કામરેજ સુગરના એમડી સહિત ત્રણ ઘાયલ

વતનથી પરત ફરતી વેળા ધોરણપારડી નજીક અકસ્માત નડ્યો

ડ્રાઈવરને દરવાજાનું પતરું કાપી બહાર કાઢવામાં આવ્યો

વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ સુગરના એમ.ડી.ની કાર ધોરણપારડી નજીક મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર ડિવાઈડર સાથે અથડાતાં કારમાં સવાર ત્રણને ઈજા થઈ હતી. જ્યારે કારના ચાલકને ફસાઈ જતાં દરવાજો કાપી બહાર કાઢવામાં આવ્યો હતો.

કામરેજના નવી પારડી ખાતે કાર્યરત કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીના મેનેજિંગ ડિરેક્ટર કેશવ નિવૃતિ કાપશે (ઉં.વ.65) (હાલ રહે.,કામરેજ સુગર ફેક્ટરી ક્વાર્ટસ, મૂળ રહે.,મહારાષ્ટ્ર) સુગર ફેક્ટરીની મહિન્દ્રા એક્સયુવી 300 કાર નં.(જીજે 05 આરએન 9819) માં ડ્રાઈવર અશોક નટવરભાઈ દેસાઈ (ઉં.વ.57) (રહે.,મકાન નં.103, સપનાનગર, તરસાડી, તા.માંગરોળ) તેમજ ગેસ્ટ બોય બબન શેષરાઉ પાટીલ (ઉં.વ.52) (રહે.,કામરેજ સુગર ક્વાર્ટસમાં) સાથે મેનેજિંગ ડિરેક્ટરના વતન મહારાષ્ટ્રના નાસિક ખાતે ગયા હતા. ત્યાંથી પરત નવી પારડી કામરેજ સુગર આવી રહ્યા હતા. ત્યારે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર ધોરણ પારડી ગામની સીમમાં કારના ચાલકે કાર ડિવાઈડર સાથે અથડાવી દીધી હતી. આ ઘટનાની જાણ જિલ્લા ટ્રાફિકને થતાં તુરંત જ ઘટના સ્થળે દોડી જઈ કારના ચાલક કારમાં ફસાઈ જતાં ફાયર વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. પોલીસ અને ફાયર વિભાગ ભારે જહેમત બાદ કારના દરવાજાનું પતરું કાપી ડ્રાઈવરને બહાર કાઢી ત્રણેય ઈજાગ્રસ્તને ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડ્રાઈવરને વધુ ઈજા થઈ હોવાથી વધુ સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

ઈબ્રાહીમ કાનુ

કીમ ચાર રસ્તા ખાતે ડમ્પર ચાલક અકસ્માત બાદ કેબિનમાં ફસાયો

હથોડાઃ મોડી સાંજે સ્કીમ ચાર રસ્તા નજીક ઓવરબ્રિજના છેડા પાસેથી પસાર થઈ રહેલા એક આઈસર ટ્રક પાછળ આઈવા ડમ્પરના ચાલકે જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ડમ્પરની કેબિનનો ફૂચડો બોલી ગયો હતો અને ચાલક કેબિનમાં ગંભીર રીતે ફસાઈ ગયો હતો. ઘટના સમયે હાઈવે પરથી પસાર થઈ રહેલા જિલ્લા ટ્રાફિક પોલીસના કર્મચારી લાલજીભાઈ, તેમના સ્ટાફ અને સ્થાનિક લોકોએ ભારે જહેમત ઉઠાવી ચાલકને કેબિનમાંથી બહાર કાઢ્યો હતો. સદનસીબે ચાલકને માત્ર પગના ભાગે સામાન્ય ઈજા પહોંચતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. આ અકસ્માતને કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. જેને જિલ્લા ટ્રાફિક પોલીસે સ્થળ પર પહોંચી હળવો કરાવવાની કામગીરી હાથ ધરી હતી.

માંડવી નગરપાલિકામાં અણઘડ વહીવટ સામે બળવો

માંડવીઃ માંડવી નગરપાલિકામાં સત્તાધીશોના અણઘડ વહીવટ અને આયોજન વિહોણી નીતિઓને કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે. પાલિકાની તિજોરીમાં માત્ર રૂ.8 કરોડની ગ્રાન્ટ ઉપલબ્ધ હોવા છતાં નિયમો નેવે મૂકી રૂ.15 કરોડનાં કામો એજન્ડા પર ચડાવી દેવાતા શાસક પક્ષ ભાજપમાં જ ભારે વિરોધ ફાટી નીકળ્યો છે.

માંડવી R|B રેસ્ટ હાઉસ ખાતે સુરત જિલ્લા ભાજપ મહામંત્રી અંકુરભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં 7 મહિલા કોર્પોરેટર સહિતના સભ્યોએ પ્રમુખ સામે આપખુદ નિર્ણયો અને અસભ્ય વર્તનની લેખિત-મૌખિક ફરિયાદો કરી હતી. તદુપરાંત, 25 ઓગસ્ટે આયોજિત કામોને 24 ઓગસ્ટના એજન્ડામાં દર્શાવી દેવાતાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. સામાન્ય સભામાં જાગૃત સભ્યો અને વિપક્ષે નિયમોના ઉલ્લંઘન મુદ્દે હોબાળો મચાવી સભા રદ કરવાની માંગ કરી છે. હવે જિલ્લા વહીવટી તંત્ર અને ભાજપ સંગઠન પ્રમુખ સામે શું પગલાં ભરે છે તેના પર સૌની નજર છે.

કામરેજ તા.પં.ની વેરા વસૂલાતમાં ઢીલઃ માત્ર ૧૩ ટકા જ વસૂલાત

૬૭ મહિનામાં ૫૦ કરોડનો લક્ષ્યાંક હતો, બાકી વસૂલાત માટે નોટિસ અને મિલકત ટાંચની કાર્યવાહી હાથ ધરાઈ

કામરેજઃ કામરેજ તા. પં. વિસ્તારમાં રહેણાક મકાનો, દુકાનો, કોમર્શિયલ તથા ઔદ્યોગિક એકમો સહિતની મિલકતોમાંથી ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજે રૂ.50 કરોડ જેટલા કુલ વેરા સામે ચાલુ નાણાકીય વર્ષના છ મહિના પૂર્ણ થયા બાદ 50 ટકા વસૂલાત થવી જોઈએ, તેની સામે અત્યાર સુધી માત્ર 13 ટકા જેટલી જ વસૂલાત થઈ છે.

કામરેજ તાલુકા પંચાયત દ્વારા ગ્રામ પંચાયતોના સરપંચ, તલાટી-કમ-મંત્રી અને સભ્યોને સહિયારા પ્રયાસોથી બાકી વેરાની વસૂલાત ઝડપી બનાવવા સૂચના આપવામાં આવી છે. મિલકતધારકોને માંગણા નોટિસ પાઠવી ચાલુ વર્ષનો બાકી વેરો ભરવા સમજાવવામાં આવશે. જ્યારે અગાઉના બાકી વેરાની વસૂલાત માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૧૫ હેઠળ જરૂરી નોટિસ આપી જરૂર જણાય તો જંગમ મિલકત ટાંચમાં લઈ તેનો વેચાણ કરી વેરાની વસૂલાત સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કામરેજ તા.પં.એ નાગરિકોને સમયસર વેરો ભરવો એ તેમની પ્રાથમિક ફરજ હોવાનું જણાવી સહકાર આપવા જણાવ્યું છે.

એકત્રીસમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ ૦૬-૦૫-૧૯૧૯ | મહાપ્રયાણ ૦૨-૦૯-૧૯૯૫

સ્વ. શ્રીયુત હરિસિંહજી ભગુબાવા મહીડા

વિપરીત સમય અને સંજોગોમાં કોઇ પણ કામ સારી રીતે અને પરીપૂર્ણ ન થાય ત્યાં સુધી પરિત્યાગ ન કરવાનો આપનો સ્વભાવ આજે એકત્રીસ વર્ષના વહાણા પછી પણ આપના અધુરા સ્વપ્નોને પૂર્ણ કરવા તેમજ આપના હેતુઓને વળગી રહેવા આપની સમસ્ત જીવન દ્રષ્ટિ અમારા માટે પથદર્શક બની રહેલ છે. નિરંતર ધ્યેય પ્રાપ્તિ સુધી કાર્યાન્વિત રહી, લોક કલ્યાણના કાર્ય પ્રત્યે શ્રધ્ધા રાખીને સૌના જીવનને ઉજ્જવળ બનાવી શકાય તેવી અનન્ય દ્રષ્ટિ આપનાર તમો સદાય અમારા વચ્ચે જીવંત રહેશો.

લી.
વિરેન્દ્રસિંહ આર. મહિડા, પ્રમુખ | સંજયસિંહ સી. અટોદરીયા, ઉપપ્રમુખ | ભુપેન્દ્રસિંહ એન. રાજ, માનદમંત્રી
તથા સભ્યો
શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લીમીટેડ ના કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી લી.,
મુ.પો.વટારીયા, તા.વાલીયા, જી.ભરૂચ-૩૯૩૦૦૧

Milano MULTIPLEX
બારડોલી
Toxic
10:00am, 11:00am, 01:00pm, 02:45pm, 06:15pm, 09:00pm, 10:00pm
Tom And Cherry-Gujarati
05:00pm
Hanuman Ansh
02:00pm, 05:45pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

ભરતી જાહેરાત
કમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
અમારી પ્રતિષ્ઠિત કન્સ્ટ્રક્શન ફર્મ માટે કમ્પ્યુટર ઓપરેટરની જરૂરિયાત છે.

લાયકાતઃ	B.Com
અનુભવઃ	1 થી 2 વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાધાન્ય
કૌશલ્યઃ	MS Word, MS Excel, Internet અને ગુજરાતી/અંગ્રેજી ટાઈપિંગનું જ્ઞાન જરૂરી.
પગારઃ	લાયકાત અને અનુભવ મુજબ
નોકરીનું સ્થળઃ	સરકારી કોલેજની સામે, વાંકલ
જરૂરી દસ્તાવેજોઃ	Resume તથા શૈક્ષણિક પ્રમાણપત્રો

રસ ધરાવતા ઉમેદવારોએ સંપર્ક કરવો.
સંપર્કઃ વેદાન્તકુમાર જોશી
મો. નંબરઃ 74359 66991

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ તાલુકે માંગરોળનાં મોજે ગામ લીંબાડાનાં સર્વે નં.૭૭૧/૧, બ્લોક નં.૫૧૮, જેનુ કુલ સુમારે ક્ષેત્રફળ હે-આરે ૫-૩૩-૯૩ ચો.મી., આકાર રૂા.૨૭.૬૪ પૈસા, ખાતા નં.૩૩૪ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન (૧) ઉષાબેન નટવરભાઈ ઉર્ફે શીવાભાઈ પટેલની પત્ની, (૨) ભરતભાઈ નટવરભાઈ ઉર્ફે શીવાભાઈ પટેલ, (૩) ઈલાબેન નટવરભાઈ ઉર્ફે શીવાભાઈ પટેલનાઓએ તેઓની સંયુક્ત માલીકી, કબજા, વહીવટ, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી સદર મીલકત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગ-ભાગ, હકક, હિત, સંબંધ, દર-દાવા દુવીના પ્રકરણો, ચાર્જ બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય યા કોઈના ઈઝમેન્ટના હકક, અધિ